# ડીસામાં દૂંદાળા દેવના મહોત્સવનો ભાવપૂર્વક પ્રારંભ : ઠેર ઠેર ગણેશજીની સ્થાપના

ડીસા, તા. ૨૯

આજે ડીસા શહેરી અને ગ્રામીણ વિસ્તારો માં આજે વાજતે ગાજતે ગણેશ સ્થાપના કરાઈ હતી. બેન્ડવાજાની સુરાવલીઓ સાથે ગણપતિ બાપા મોરિયાના જયઘોષ સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. કોઈ પણ શુભ -સંગે સૌથી પહેલાં જેને યાદ કરીને પુજન કરવામાં આવે કે ડીજેના તાલે ગણેશજીને આવકારવામાં આવ્યા હતા, બાપ્પા મોરીયા, મંગલમુર્તિ મોરીયા...ના નારા ગુંજી ઉઠયા હતા. શ્રાવણ મહિનાની પુર્ણાહુતીની સાથે જ આ તહેવારની ઉજવણી માટે ઠેર ઠેર તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. કયાંક ખુલ્લા મેદાનમાં મંડપ બાંધીને ગણેશજીનું સ્થાપન કરવામાં આવે કરી આગામી ભાદરવી પુનમના રોજ દર્શન કરવા નિકળી પડશે. તો કેટલાક તો અંબાજી દર્શન કરીને ચૌદશે ગણેશ વિસર્જન -સંગ અગાઉ જ પરત પણ ફરી જશે. રિધ્ધી સિધ્ધીના દાતા શ્રી ગણેશના ૧૦ દિવસના આ પર્વ નિમિતે કયાંક ગરબાની રમઝટ બોલાશે તો કયાંક ભક્તિ સંધ્યાના કાર્યક્રમ ચાલશે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

તેવા ગણાધિપતિ દેવ શ્રીગણેશના ૧૦ દિવસીય મહોત્સવનો આજથી ભારે આસ્થા અને શ્રધ્ધાપુર્વક -રંભ થયો હતો. મહોત્સવ દરમિયાન વિવિધ સંસ્થાઓ દ્વારા અનેક વિધ કાર્યક્રમોનું આયોજન કરાશે.

બનાસકાંઠા નાં ડીસા માં આજથી ઘેર ઘેર અને મહોલા -શેરીઓં માં ગણેશજી ની ભાવ પૂર્વક સ્થાપના કરાઈ છે દરેક શુભ -સંગે જેને સર્વ-થમ પુજવામાં આવે એવા શ્રીગણેશના ૧૦ દિવસીય મહોત્સવનો આજે દબદબાભેર -રંભ થયો હતો. સમગ્ર જિલ્લામાં શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર... જયાં જુઓ ત્યાં બેંડ વાજા છે, તો કયાંક મંદિરોમાં તો કયાંક સોસાયટીના કોમન પ્લોટમાં ગણેશજીનું સ્થાપ્ન કરવામાં આવે છે. તો કેટલાક સ્થળોએ દુકાનો કે ફેકટરીઓમાં ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યુ છે. ૧૦ દિવસ સુધી ચાલનારા આ તહેવાર નિમિત્તે ભક્તોમાં અનેરા ઉત્સાહ સાથે ભારે આનંદની લાગણી દેખાતી હતી.

અનેકો પર્વ માં મહાદેવની શ્રાવણ માસની ભક્તિ બાદ પુત્રના ૧૦ દિવસનો તહેવાર સાથે જ માતા ઉમિયાનો પર્વ પણ જામશે. આજે ગણેશજીના દર્શન કરીને અનેક સ્થળોએથી -સિધ્ધ યાત્રાધામ અંબાજી માટે પગપાળા સંઘો -યાણ ડીસા માં અંબિકા ચોક,જૂની પોલીસ લાઈન ,રસાલા મંદિર, સોની બજાર, લાલાચાલી, રાજીવગાંધી કોમ્પ્લેક્ષ , સહીત અનેકો જગ્યા એ -સંગની ભારે દબદબાભેર ઉજવણી કરવામાં આવે છે. મંડપ તેમજ રોશની ઝગમગાટ વચ્ચે મહોત્સવની ઉજવણી કરાશે. ગણેશ મહોત્સવની ઉજવણી માટે લોકોમાં ઉત્સાહ ભારોભાર છલકાઈ રહ્યો છે અને ગણેશોત્સવને યાદગાર બનાવવા કયાંક આકર્ષક મંડપ, રોશની, ભક્તિ કાર્યક્રમો, ભજન, મ્યુઝિક પાર્ટી વગેરેનું આયોજન કરવામાં આવ્યુ છે. આ પર્વનું ધાર્મિક મહત્વ શાસ્ત્રોમાં પણ અનોખી રીતે વર્ણવેલું છે.




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## અરવલ્લી જિલ્લામાં વિધ્નહર્તા ગણેશજીની સ્થાપના ધામધુમથી કરાઈ

અરવલ્લી જીલ્લાના મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભીલોડા ખાતે આજે વિધ્નહર્તા સુખકર્તા દેવોના દેવ ગણેશદેવાની સ્થાપના વાજતે ગાજતે કરવામાં આવી હતી. આજથી તમામ લોકો ગણપતીની ભકતીમાં લીન થઈ જશે અને સમગ્ર ગણેશોત્સવ દરમ્યાન જીલ્લામાં વિવિધ જગ્યાએ સાંસ્કૃતીક કાર્યક્રમો ધ્વારા નગરજનોને આનંદોત્સવ પણ મળશે. શ્રાવણ માસમાં ભગવાન શિવની આરાધના પછી પછી દુંદાળા દેવના ઉત્સવનો ઉમંગ જીલ્લા વાસીઓમાં દેખાઈ રહયો છે. હાલમાં જે રીતે ગણેશચર્તુથીનો તહેવાર યોજાઈ રહયો છે તે જોતા તો એવુ લાગી રહયુ છે કે નવરાત્રી બાદ ગણેશચતુથી બીજો મોટો તહેવાર બની રહેશે. ગણેશજી એવા વિધ્નહર્તા છે કે હસતા હસતા ભકતો ના દુઃખ અને વિધ્નો હરી લે છે.ગણેશજીની સ્થાપના કરી ભકતો ધ્વારા ૩, ૫, ૭, ૧૧દિવસ રાખી તેમની પુંજાનુ આયોજન કરવામાં આવે છે. ગણેશજીની સ્થાપના અને વિર્સજન બન્ને વખત તેમની શોભાયાત્રા નીકળે છે. અરવલ્લી જીલ્લાના મોડાસામાં રામપાર્ક સોસાયટી કલ્યાણચોક, માલપુર રોડ, મેઘરજ રોડ ઉપર તેમજ બાયડ ખાતે પરબડી ચોક, દરજી વાળી ફળી, વૃદાવન સોસાયટી, ગરીરાજ સોસાયટી, સ્વામીનારાયણ સોસાયટી તેમજ ધનસુરાના ચાર રસ્તા ખાતે આજે ગણપતીજીની સ્થાપના કરવામાં આવી હતી.

# મેઢાસણ ગામે રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે ભાવિકો ઉમટ્યા

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામે આવેલ અતિ પ્રાચીન અને મનોકામના પૂર્ણ એવા શ્રી રિદ્ધિ ગણપતિ મંદિરે ગણેશચતુર્થી નિમિત્તે આજે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટ્યા અને વિધ્હર્તા દેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

મેઢાસણ ગામમાં આવેલ શ્રી રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરમાં આજુબાજુના ગામડાઓમાં તેમજ શહેરોમાં અને ઠેક મહારાષ્ટ્ર રાજ્ય સુધી જાણીતુ છે. અહિં દરરોજ અને ખાસ કરીને દરેક માસની સંકટ ચતુર્થી ધામધૂમથી ઉજવવામાં આવે છે. સંકટ ચતુર્થીના દિવસો ઘણા ભકતજનો આજુબાજુના ગામડામાંથી તેમજ શહેરોમાંથી પગપાળા પહોંચી મંદિરે દાદાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. વર્ષોથી અહિં મંદિરની પરંપરા અનુસાર મંદિરની આજુબાજુમાં ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી કરાવતો ભાતીગળ મેળો ભરાય છે. આ મેળામાં અંદાજે ૩૦થી ૪૦ ગામના લોકો ઉમટી પડે છે. ખાસ કરીને બાળકો આ મેળાની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. મેળામાં ચકડોળ, ચકરડી જેવા રમતના સાધનો ગામડામાં આજના દિવસે બાળકોમાં અનોખુ આકર્ષણ જમાવે છે. તથા જીવન જરૂરિયાત વસ્તુઓ, રમકડા અને ખાણીપીણી બજાર ભરાય છે. જેમાં ગામના તેમજ આજુબાજુની જનતા લિજ્જત ખીણીપીણી માળે છે અને બાળકો માટે રમકડાં ખરીદી કરે છે. તેમજ દર વર્ષે આ મંદિરમાં ગણપતિ મહોત્સવ યોજાય છે. આ વર્ષે પણ મેઢાસણ ભાદરવા સુદ ૪ તા. ૨૯-૮-૨૦૧૪ શુક્રવારથી ૮-૯-૨૦૧૪ સુધી શ્રી ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. આ દસ દિવસ દરમિયાન ગમલોકો તેમજ આજુબાજુની જનતા દસ દિવસ સુધી ધામધૂપૂર્વક ગણપતિદાદાની ઉપાસના કરે છે. આ દસ દિવસ દરમિયાન મંદિર દ્વારા ગણેશ ભગવાનની રોજે રોજ કથાઓ પીરસવામાં આવે છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરાયુ

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુકેશનમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ગણેશજીની મુર્તીનું સ્થાપન ભક્તિભાવ પુર્વક કરાયુ છે. ગણપતી દાદાની પુજા, અર્ચના, મહાઆરતી, થાળ ધરાવી, ગણપતી દાદાને પ્રિય એવા મોદકનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ, મેનેજીંગ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ, સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓએ શ્રધ્ધાભેર પુજનવિધિમાં ભાગ લીધો હતો. ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ, શિક્ષક રીતેશભાઈ ઉપાધ્યાયએ પુજન વિધિ કરેલ હતી. ગણેશ મહોત્સવ દરમ્યાન રોજે-રોજ વિવિધ પ્રકારના ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.



બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે પણ ઠેર ઠેર ગણપતિ મહોત્સવ યોજાઈ રહ્યો છે. ત્યારે પાલનપુરના ગુરુનાનક ચોક ખાતે ગણેશ ઉત્સવ સમિતિના ઉપક્રમે ગણપતિ મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ગણેશ સ્થાપન બાદ ગણપતિ મહોત્સવ નિમિત્તે આગામી પાંચ દિવસ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



## પ્રાંતિજમાં ઠેર-ઠેર ગણેશજીની સ્થાપના

પ્રાંતિજ કાતે આવેલ વિવિધ સ્થળોએ શ્રી વિધ્નહર્તા ગણેશ ભગવાનની ઠેર-ઠેર સ્થાપના કરવામાં આવી છે. ગણેશ ચતુર્થી આવતા ગણેશ મંડળો દ્વારા ભગવાન ગણપતિની મૂર્તિની દસ દિવસ માટે સ્થાપના કરવામાં આવે છે ત્યારે પ્રાંતિજમાં પંડ્યા વાસ, અંટિયા વાસ, બંબા વાસ, ગુજ્જરની પોળ, રેલવે સ્ટેશન વિસ્તારમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. વિવિધ સંસ્થાઓ અને આયોજકો દ્વારા શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી.



## મોડાસામાં ઈકોફ્રેન્ડલી ગણપતિની મૂર્તિની સ્થાપના

મોડાસા શહેરમાં મોડાસાની બીએડ્ કોલેજમાં સતત તેરમાં વર્ષે સંપૂર્ણ માટીમાંથી બનાવેલી ઈકો ફ્રેન્ડલી ગણપતિજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. (તસવીર : જય અમીન, મોડાસા)

# ધનસુરામાં ગણેશ મહોત્સવનો પ્રારંભ

ધનસુરા શહેરમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ભાવિકો દ્વારા દસ થી વધુ સ્થળોએ ભગવાન વિધ્નહર્તા દેવની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.

ગણેશ મહોત્સવ પર્વે આજે ધનસુરા શહેરના ઠેર-ઠેર જાહેર માર્ગો પર ભગવાન ગણેશની વાજતે-ગાજતે ઢોલ-નગારા સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. હજારોની સંખ્યામાં ભાવિકો સોભાયાત્રામાં જોડાતા સમગ્ર વાતાવરણ ગણેશમય બની ગયું હતું. સ્થાપના બાદ ભગવાનની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ૧૦ દિવસ સુધી ચાલનાર આ મહોત્સવ રાત્રી દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે.

## ડૉ. ભાસ્કર શુક્લની પીએચ.ડી. ગાઈડ તરીકે નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૯

યુવરાજ સુભગસિંહજી આર્ટસ-કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ભાસ્કર એ. શુકલની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ દ્વારા અંગ્રેજીના પીએચ.ડી. ગાઈડ (માર્ગદર્શક) તરીકે નિમણૂંક થયેલ છે.

દેવગઢબારિયા કોલેજના ટ્રસ્ટી શ્રીમતી ઉર્વશીદેવીજી (પૂર્વરમતગમત મંત્રીશ્રી, ગુ.રા.) તેમજ શ્રી તુષારસિંહે (બાબા) (પૂર્વ ધારાસભ્ય), ડૉ. શુકલને શુભેચ્છાઓ પાઠવી છે.

# ભિલોડામાં ગણેશ સ્થાપન સાથે જીલ્લો ગણેશમય : ગણેશ મહોત્સવના પ્રારંભે ઠેર-ઠેર ભવ્ય શોભાયાત્રા નીકળી

ભિલોડા, તા.૨૯

સાબરકાંઠા જીલ્લા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ગણેશ સ્થાપન સાથે જીલ્લો ગણેશમય બન્યો છે. ગણેશ મહોત્સવના પ્રારંભે ઠેર-ઠેર ભવ્ય શોભાયાત્રાઓ નીકળી હતી. વિઘ્નહર્તા, મંગલકર્તા ગણપતિ ગજાનંદ દેવની ભક્તિ આરાધનામાંલીન દર્શનાર્થે મોટી સંખ્યામાં ઠેર-ઠેર ભક્તો ઉમટી પડ્યા હતા. ગણેશજીના ભાવિક ભક્તોનો મોટો સમુદાય તહેવારની ઉજવણીમાં મશગુલ બની જતાં બજારોને પણ નવું જોમ મળ્યું છે. આજે ગણપતી મહોત્સવના પ્રારંભ સાથે અનેક વિસ્તારોમાં દુંદાળા દેવ ભગવાન ગજાનંદની વાજતે-ગાજતે ભવ્ય લોકડાયરા સહિત ભવ્ય આયોજનો આયોજકોએ કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ભિલોડા, ધનસુરા, મોડાસા તેમજ હિંમતનગર, ઈડર, પ્રાંતિજ, મેઘરજ, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, શામળાજી, સુનોખ વિસ્તારોમાં ગણેશ મહોત્સવનો મહિમા, પ્રભાવ દિનપ્રતિદિન વધવા લાગ્યો છે. ભિલોડાના ખાડિયા ચોકમાં ૩૭મા ગણેશ મહોત્સવનું આયોજન હાથ ધરાયુ છે.



થવાનો તહેવાર આજે તા.૨૯ અને ગણેશચર્તુર્થીના દિવસથી પ્રારંભ થઈ જતાં સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાંઠેર-ઠેર ગણેશ સ્થાપન કરતાં ભાવિક ભક્તો ગણેશમય બની ગયા હતા.

ભિલોડામાં પ્રથમ દિવસે જ ગણેશજીનુંસ્થાપન કરી ભાવિક ભક્તોએ પૂજા, અર્ચના, પ્રાર્થના, આરતી કરી પ્રસાદીરૂપે મોતીચુર, ગણેશજીને પ્રિય એવા મોદકના લાડુનો ભોગ ધરાવી ભાવિક ભક્તો ગણપતી ગજાનંદના શોભાયાત્રાઓ નીકળતાં ગણેશ ભક્તોએ અબીલ-ગુલાલની છોળો ઉડાડી ગણેશ મહોત્સવનો ધમાકેદાર પ્રારંભ કરાવ્યો હતો. આજે શોભાયાત્રા દરમિયાન શ્રધ્ધાળુ ભક્તોએ ગણપતી બાપા મોરિયાના નાદથી વાતાવરણને ગુંજવી દીધું હતું. ગણેશ મંડળો ધ્વારા સમગ્ર મહોત્સવને આનંદ, ઉત્સાહ, ભક્તિ ભાવપુર્ણ વાતાવરણમાં ઉજવણી કરવા ભવ્ય આયોજનો કર્યા છે.

ગણેશસ્થાપન, પૂજન અર્ચન,

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦